RAJKOT

# દાદાસાહેબ ફાળકે ચિત્રપટ યુનિયન હવે ગુજરાતમાં; કલાકારોના હિતમાં કરશે કાર્ય

Published 28 mins ago on March 21, 2023

By **Minal**





RAJKOT
RAJKOT

# દાદાસાહેબ ફાળકે ચિત્રપટ યુનિયન હવે ગુજરાતમાં; કલાકારોના હિતમાં કરશે કાર્ય

ગુજરાત મિરર, રાજકોટ તા.21

દરેક કલાકાર કે ટેક્નિશીયનનું સ્વપ્ન હોય છે કે તે મુંબઇ જઇને સફળ થાય અને પોતાની કાબેલિયન મુજબ બોલિવૂડમાં કામ મેળવી અને મુંબઇમાં સેટલ થઇ જાય પણ આ એક સપનું રહી જતું હોય છે હવે દાદા સાહેબ ફાડકે ચિત્રપટ યુનિયન જે મુંબઇ મહારાષ્ટ્રમાં સીમીત હતું તે હવેથી ભારત સરકારની મંજૂરીથી ગુજરાત સહિત ઓલ ઇન્ડિયામાં પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરી શકશે મતલબ કે ભારતમાં ક્યાંય પણ દાદા સાહેબ ફાડકે ચિત્રપટ યુનિયન કલાકારોના અને ટેક્નિશીયનોના હિત માટે કાર્ય કરી શકશે.

જેની મંજૂરી ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે. દાદા સાહેબ ફાડકે ચિત્રપટ યુનિયનમાં ઘણા વર્ષોથી કાર્યરત એવા રેવંતભાઇ ગજ્જરના અથાગ પ્રયત્નથી આ યુનિયન હવેથી ગુજરાતમાં કાર્યરત રહેશે અને આ માટે થઇ ડીએસપીસી યુનિયનના ઓલ ઇન્ડિયા પ્રેસિડેન્ટ અજીત મહામુનકર દ્વારા તા.11 માર્ચના રોજ ગુજરાત કાર્યકારી પ્રમુખ તરીકે રેવંતભાઇ ગજ્જર અને અફઝલભાઇ મહેતરની નિમણુંક કરવામાં આવી છે અને આ સાથે આ કમિટી દ્વારા ગુજરાતના મહિલા પ્રમુખ તરીકે રંજનબેન ચૌહાણની વરણી કરવામાં આવી છે અને રાજકોટ મહિલા પ્રમુખ તરીકે ભાવનાબેન લીડીયા અને કચ્છ મહિલા પ્રમુખ તરીકે તૃપ્તીબેન ચૌહાણની વરણી કરવામાં આવી છે.

વધુ માહિતી આપતા અફઝલભાઇ જણાવે છે કે ડીએસપીસી યુનિયન ગુજરાતમાં કાર્યરત હોવાથી ગુજરાતના દરેક કલાકાર કે ટેક્નિશીયનોને ઘણો ફાયદો થવાનો છે જેમાં આર્ટીસ્ટ કાર્ડ માટે પહેલા મુંબઇ જવું પડતું અને છેતરપીંડીનો શિકાર પણ થઇ જવાતું કારણ કે ઘણા ફ્રોડ લોકો આવી રીતે છેતરપીંડી કરતા હોય છે અને ફરઝી આર્ટીસ્ટ કાર્ડ કલાકારોને કાઢી આપતા હોય છે જેનો કોઇ જ ફાયદો નથી હોતો પણ હવેથી આ આર્ટીસ્ટ કાર્ડ ગુજરાતમાં આ યુનિયન દ્વારા કાઢી આપવામાં આવશે.

યુનિયનના હોદેદારો વધુમાં જણાવે છે કે આગામી દિવસોમાં ગુજરાતના કલાકારો અને ટેક્નિશીયનોને લાભ થાય તે માટે અલગ અલગ સેમીનાર વર્કશોપ ટ્રેઇનીંગ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે અને ટૂંક સમયમાં જ દાદા સાહેબ ફાડકે ચિત્રપટ યુનિયનની ગુજરાત હેડ ઓફિસ રાજકોટમાં જ શરૂ કરવામાં આવશે. ત્યારબાદ કલાકારો અને ટેક્નિશીયનો પોતાના કામમાં વધુ માહિર બને તેના માટે ઇન્સ્ટિટ્યૂટ શરૂ કરવામાં આવશે. કલાકારોને સારુ પ્લેટફોર્મ પૂરું પાડવામાં મદદરૂપ થઇ શકે ગુજરાતમાં યુનિયનને વધુ મજબૂત બનાવવા માટે જિલ્લા વાઇઝ સંગઠન બનાવવામાં આવશે. વધુ માહિતી અને યુનિયનમાં જોડાવા માટે આપ રેવંતભાઇ ગજ્જર મો.નં.75675 28025 અને અફઝલભાઇ મહેતર મો.86900 90002, રંજનબેન ચૌહાણ મો.નં.98795 97079, ભાવનાબેન લીડીયા મો.નં.84603 59789 પર સંપર્ક સાધી શકો છો.

ગુજરાત



RAJKOT / 35 mins ago

આર.કે.પ્રાઇમ-2 બિલ્ડિંગમાં કાર પાર્કિંગનો વિવાદ વકર્યો



RAJKOT / 36 mins ago

ધ્રાંગધ્રા રેન્જ ફોરેસ્ટ ઓફિસર 17 હજારની લાંચ લેતા ઝડપાયા



RAJKOT / 38 mins ago

ભાવનગર રોડ પરથી કોલેજિયન છાત્રના મોબાઇલની ચીલઝડપ કરનાર શખ્સ પકડાયો

RAJKOT / 39 mins ago

રૈયા રોડ પર મહિલા સંચાલિત જુગારધામ ઉપર દરોડો: પત્તાં ટીંચતી 7 મહિલા ઝબ્બે



RAJKOT / 39 mins ago

મોટીટાંકી ચોકમાં બ્રોડબેન્ડના કનેક્શન બાબતે ઓફિસમાં તોડફોડ



RAJKOT / 40 mins ago

કોઠારિયા, ઢેબર રોડ પર પાર્કિંગના દબાણો હટાવતું મનપા

MORE ગુજરાત

સ્પોર્ટ્સ

RAJKOT / 39 mins ago